કેમ છો ટ્રમ્પ... મોટેરાના સ્ટેડિયમમાં તડામાર તૈયારી

હ્યુસ્ટન ખાતે હાઉડી મોદીના કાર્યક્રમને શાનદાર લોકપ્રિયતા મળી ગયા બાદ પાર્ટ-૨ અમદાવાદમાં હશે : ૨૫૦૦૦થી વધુ સુરક્ષા જવાનો ગોઠવવા તૈયારી

અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ગુજરાતના અમદાવાદમાં પહોંચી રહ્યા છે. આતંકવાદ સામે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આક્રમક પ્લાન હેઠળ કેમ છો ટ્રમ્પ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. દુનિયાના સૌથી મોટા સ્ટેડિયમ તરીકે તૈયાર કરવામાં આવેલા અને અતિઆધુનિક સુવિધા ધરાવતા મોટેરા સ્ટેડિયમમાં મોદી અને ડોનાલ્ડ ટ્રમ્પ હેલિકોપ્ટર મારફતે પહોંચશે તેવું આયોજન થઇ રહ્યું છે. ૨૫ હજારથી પણ વધુ સુરક્ષા જવાનો ગોઠવવામાં આવનાર છે. અંતિમ કાર્યક્રમ ટૂંકમાં જ ફાઈનલ થઇ જાય તેમ માનવામાં આવે છે. બે કલાક સુધીના આ કાર્યક્રમમાં આતંકવાદીઓના ખાત્મા માટેની પટકથા લખાશે. તમામ લોકો જાણે છે કે, અમેરિકામાં હાઉડી મોદી કાર્યક્રમને અભૂતપૂર્વ સફળતા મળી હતી. હવે કેમ છો ટ્રમ્પ પ્લાન તૈયાર છે. ફેબ્રુઆરી મહિનાના અંતમાં અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ મોટેરાના લોકાર્પણ અર્થે આવવાના હોઇ તેને લઇ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, પોલીસ અને રાજય સરકારી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ અને સુરક્ષા વ્યવસ્થાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ખાસ કરીને મોટેરા અને તેની આસપાસના દસ કિલોમીટરના વિસ્તારમાં પોલીસ અને તંત્રના માણસો દ્વારા એક પ્રકારે કહીએ તો, ઝીણવટભર્યુ સ્કેનીંગ અને સઘન ચેકીંગ ચાલી રહ્યા છે. તંત્ર દ્વારા લોખંડી સુરક્ષા વ્યવસ્થા તૈનાત કરવાની તજવીજ હાથ ધરી છે. ટ્રમ્પ અને મોદીની મુલાકાત ટાણે મોટેરા અને તેની આસપાસનો દસ કિમીનો વિસ્તાર અભેદ્ય લોખંડી કવચમાં ફેરવાઇ જશે. આ બંને મહાનુભાવોની આગામી મુલાકાતને લઇ તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ખાસ કરીને રાતોરાત રોડ, રસ્તા, ફુટપાથ, દિવાલોને રંગરોગાન સહિતની સુવિધાઓ તાત્કાલિક ઉપલબ્ધ બનાવી દેવાઇ છે. તો, વિશ્વના સૌથી મોટા એવા મોટેરા ક્રિકેટ સ્ટેડિયમમાં અત્યારથી જ ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. સ્ટેડિયમની અંદરના વિસ્તારમાં કોઈપણ વ્યક્તિને પાસ વગર પ્રવેશ કરવા દેવામાં આવતો નથી. તેમજ જે રૂટ પરથી ડોનાલ્ડ ટ્રમ્પ અને મોદી પસાર થવાના છે તે તમામ જગ્યાના રેસિડેન્ટ એરિયાનું સ્કેનીંગ કરવામાં આવી રહ્યું છે. ભાટ રોડથી શરૂ કરીને સાબરમતી ટોલનાકા, પરિમલ અને કોટેશ્વર વાળો રોડ, મોટેરા ગામ અને સ્ટેડિયમ સહિત અંદાજે ૧૦ કિલો મીટર જેટલા વિસ્તારનું સ્કેનિંગ કરવામાં આવી રહ્યું છે. સ્ટેડિયમની આસપાસના તમામ બંગલોઝ, સોસાયટી, ફ્લેટ, ચાલી અથવા તો સીંગલ મકાન હોય તેનો સર્વે કરવામાં આવી રહ્યો છે. આ સર્વે ચાંદખેડા પોલીસ, સાબરમતી પોલીસ તેમજ ઝોન-૨નો પોલીસ સ્ટાફ ઘરે ઘરે જઈ કરી રહી છે. ઘરમાં કેટલા સભ્યો છે, ક્યાંના રહેવાસી છે, કેટલા સમયથી રહે છે, ભાડૂઆત છે કે પોતાનું મકાન છે?, ભાડૂઆત છે તો કેટલા સમયથી રહે છે તેની પોલીસ સ્ટેશનમાં નોંધ કરી છે કે કેમ તે તમામ વિગતો મેળવી તેનો ડેટા બનાવવામાં આવી રહ્યો છે. ઉપરાંત પોલીસ છેલ્લા એક બે મહિનામાં કે ૧૫ દિવસથી ભાડે રહેવા આવ્યા હોય તો તેવા તમામ લોકોની સઘન તપાસ ચલાવી રહી છે. આ ઉપરાંત સ્ટેડિયમમાં કામ કરતા અને કોઈપણ કામ માટે આવતા વ્યક્તિના નામ, મોબાઈલ નંબર અને આઈકાર્ડ સાથેની રજીસ્ટરમાં નોંધ કરવામાં આવે છે. સ્ટેડિયમની અંદરના ભાગે આવેલા હનુમાનજીના મંદિરે પણ દર્શન કરવા જતા ભક્તોને એન્ટ્રી કરાવી મંદિર પાસ લઈને જ પ્રવેશવા દેવામાં આવે છે. કોઈપણ વ્યક્તિને પાસ વગર અંદર જોવા મળે તો તેને બહાર મોકલી દેવામાં આવે છે. ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન મોદી બાય રોડ મોટેરા ક્રિકેટ સ્ટેડિયમમાં પહોંચવાના છે. એરપોર્ટથી તેઓ ઈન્દિરાબ્રિજ થઈ ભાટ કોટેશ્વર રોડ પર આવશે. કોટેશ્વરથી મોટેરા ગામ રોડ પરથી સ્ટેડિયમ સુધી તેઓ પહોંચવાના છે. ભાટ-કોટેશ્વર તરફના રોડને નવો બનાવવામાં આવી રહ્યો છે. આખા રોડ પર કામગીરી કરવામાં આવી રહી છે. રોડની બંને સાઈડ નવી ફુટપાથ બનાવવામાં આવી રહી છે. કોટેશ્વર, મોટેરા ગામ, કેના બંગલોઝ, મનાલી ફ્લેટ, પરિમલ હોસ્પિટલ સુધીના રસ્તા અને બંને બાજુની ફૂટપાથને નવી બનાવવામાં આવી રહી છે. સ્ટેડિયમથી સાબરમતી ટોલનાકા સુધીના રોડ અને ફૂટપાથ પરની દિવાલોને કલર કરવામાં આવી રહ્યા છે. રોડની વચ્ચે રેલીંગ પણ નાખી કલર કરવામાં આવી રહ્યો છે. આમ, તંત્ર દ્વારા મોટેરા અને તેની આસપાસના વિસ્તારને જાણે આખુ નવુ કલેવર આપી દેવામાં આવ્યું છે, જેને લઇ સ્થાનિક રહીશો પણ ખુશ છે.

ડીસા ખાતે સંત શિરોમણી શ્રી રોહીદાસજીની જન્મ જયંતીની ઉજવણી

ડીસા, તા. ૧૦

ભારત સહિત સમગ્ર વિશ્વમાં સ્વતંત્રતા, સમાનતા, ભાઈચારો, પ્રેમ અને કરૂણાનો સંદેશો ફેલાવનાર વિશ્વ બંધુત્વના ચાહક, સંત

પરંપરાના મહાન યોગી અને પરમજ્ઞાની સંત શિરોમણી રોહીદાસજીની જન્મ જયંતી નિમિત્તે તેમના જીવનમૂલ્યોને યાદ કરી તેમાંથી પ્રેરણા લેવા સાથે તેમની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ (પૂજા) કરવામાં આવી હતી.

આજના આ કાર્યક્રમમાં પ્રતાપભાઈ ઠક્કર (જિલ્લા સંઘચાલકજી), વિજયભાઈ ગાંધી (સામાજિક સમરસતા સમિતિ બનાસકાંઠા), રામભાઈ માળી (સામાજિક સમરસતા સમિતિ બનાસકાંઠા), જયેશભાઈ દેસાઈ (સામાજિક સમરસતા સમિતિ ડીસા સંયોજક), મહેન્દ્રભાઈ માળી (વિશ્વ હિન્દુ પરિષદ મંત્રી ડીસા), નરેશભાઈ પંચાલ, ચિરાગભાઈ સોની, જયેશભાઈ ત્રિવેદી, ડી.કે. ચૌહાણ, મકવાણા જી.ઈ.બી. ડીસા, જે.એમ. પરમાર (નાયબ મામલતદાર ડીસા), લઘાભાઈ ડાભાણી, વિજયભાઈ પરમાર, ઈશ્વરભાઈ ડાભી, વાસુકાકા, હર્ષદભાઈ ડાભી વકીલ, બાબુભાઈ પરમાર, મનોજભાઈ ચૌહાણ, ઈશ્વરભાઈ સોલંકી, રાજેશભાઈ દવે વકીલ, તેમજ ઈશ્વરભાઈ રાવળ સહિત અને સંસ્થાઓના હોદેદારો અને સામાજિક કાર્યકરોએ ઉપસ્થિત રહી પુષ્પ અર્પિત કરી ધન્યતા અનુભવી હતી.

બાયડના ધરમડી વાંટા ગ્રામ પંચાયતના ૩.૫ કી.મી એપ્રોચ રોડમાં

ભ્રષ્ટાચાર થતા જાગૃત નાગરિકનો પતરાના ડબ્બા સાથે અનોખો વિરોધ

બાયડા, તા. ૧૦

ગુજરાત સરકારના વિભાગો તેમજ બોર્ડ કોર્પોરેશનમાં ભ્રષ્ટાચાર દૂર કરવો કઠિન બનતો જાય છે. સરકારી ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓની ચેનલના કારણે લાંચ લેવાનું પ્રમાણ વધી રહ્યું છે. કર્મચારીઓ અને અધિકારીઓની મિલીભગતના કારણે ગુજરાત સમગ્ર દેશમાં ત્રીજા નંબરનું સૌથી વધુ ભ્રષ્ટ રાજ્ય બન્યું છે. બાયડ તાલુકાના ધરમડી વાંટા ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગાબટ સીમથી જીતપુર વાંટા સુધી મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત બનાવેલ ૩.૫ કિલોમીટર રોડમાં ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપ સાથે ગાબટ ગામના જાગૃત નાગરિક પતરાના ડબ્બા સાથે જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપવા પહોંચતા લોકોમાં અચરજ ફેલાયું હતું.

ગાબટ ગામના સિરાજ મોડાસીયા ધરમડી વાંટા ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ જીતપુર વાંટાથી ગાબટ સીમ સુધી માર્ગ અને મકાન વિભાગ દ્વારા બનાવવામાં આવેલ ૩.૫ કિલોમીટરના એપ્રોચ રોડના થોડો

સમયમાં ઉબડ-ખાબડ બનતા અને રોડ પરથી ડામર ઉખડી જઈ ધૂળની ડમરીઓ ઉડતા રોડના કામમાં ભ્રષ્ટાચાર થયો હોવાના આક્ષેપ સાથે જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપી માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ, ગ્રામપંચાયત અને રાજકીય પદાધિકારીઓએ મીલીભગતથી ખાયકી કરી રોડના નિર્માણમાં હલકી કક્ષાનું મટેરીયલ વાપરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કર્યો હતો અને રોડના કામમાં થયેલ ભ્રષ્ટાચારના કસુરવારો સામે પગલાં ભરવાની માંગ કરી હતી. જીલ્લા સેવાસદનમાં પતરાના ડબ્બા ઉપર "બાયડ પંચાયતમાં રોડમાં થયેલ ભ્રષ્ટાચાર બાબત" અને "આરએન્ડબી દ્વારા થયેલ ભ્રષ્ટાચાર બાબત"ના સૂત્રો સાથે રજુઆત કરવા પહોંચેલ સિરાજ મોડાસિયાની ભ્રષ્ટાચાર સામે વિરોધ કરવાની અનોખી રીતથી લોકોમાં અચરજ ફેલાયું હતું.

આ અંગે સિરાજ મોડાસીયાએ જણાવ્યું હતું કે જીતપુર વાંટાથી ગાબટ સીમ સુધી માર્ગ અને મકાન વિભાગે બનાવેલ અપ્રોચ રોડ માં ભારે ભ્રષ્ટાચાર આદરવામાં આવતા આરએન્ડબી વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને જીલ્લા વિકાસ અધિકારીને અગાઉ રજુઆત કરવા છતાં ભ્રષ્ટાચારીઓને છાવરવામાં આવતા હોવાનો આક્ષેપ કર્યો હતો.

હિંમતનગર તાલુકા માટેના વિકેન્દ્રિત આયોજનના વિકાસ કામોમાં અન્યાય કરાતા ઉગ્ર રોષ

જિલ્લા પંચાયતની ન્યાય સમિતિના સભ્યોએ આવેદનપત્ર આપ્યુ

હિંમતનગર, તા. ૧૦

રાજ્ય સરકાર દ્વારા ગામડાઓના વિકાસ માટે વિવિધ યોજનાઓ અંતર્ગત ગ્રાન્ટ આપવામાં આવે છે. તે પૈકી વિકેન્દ્રિતના વર્ષ ૨૦૨૦-૨૧ અંતર્ગત વિકાસકામોનું આયોજન કરવા માટે તાજેતરમાં હિંમતનગર ખાતે બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતને ન્યાય સમિતિના સભ્યોએ આ કામો અધ્યક્ષસ્થાને લેવા અગાઉ રજુઆત કરી હતી. પરંતુ મનમાની ચલાવીને બેઠક રદ કરી દીધી હતી અને તેમને સુચવેલા વિકાસકામોને બદલે ધારાસભ્યએ સુચવેલા વિકાસકામો અંગે યાદી તૈયાર કરી હોવાનો આક્ષેપ કરાયો છે. જેથી તેના વિરોધમાં ન્યાય સમિતિના સભ્યોએ સોમવારે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યુ હતુ.

આ અંગે ન્યાય સમિતિના જયેશભાઈ પટેલ, કંચનબા સોલંકી, હર્ષદભાઈ પટેલ તથા અન્ય સભ્યોએ કરેલા આક્ષેપ મુજબ ગત તા. ૭ ફેબ્રુઆરીના રોજ હિંમતનગર તાલુકા પંચાયતમાં પ્રમુખના અધ્યક્ષસ્થાને હિંમતનગર તાલુકા માટે વિકેન્દ્રિત વર્ષના વર્ષ ૨૦૨૦-૨૧ના આયોજન માટે અગાઉ બેઠક યોજવા અંગે અપેક્ષિત સદસ્યોને જાણ કરવામાં આવી હતી. જેને લઈને ન્યાય સમિતિના આ સભ્યોએ વિકાસકામો અંગે લેખિત રજુઆત કરી હતી.

દરમ્યાન જે દિવસે આ બેઠક મળી ત્યારે તેમાં તાલુકા પંચાયતના પ્રમુખને અધ્યક્ષસ્થાને કામો લેવા માટે તથા ન્યાય સમિતિના ચેરમેને સુચવેલા કામોને પ્રાધાન્ય આપવા જણાવ્યું હતું. પરંતુ તાલુકા પંચાયતના ન્યાય સમિતિના ચેરમેને સુચવેલા કામોનો સમાવેશ કરાયો ન હોવાનો આક્ષેપ કર્યો છે તથા કોઈપણ કારણ આપ્યા વગર મિટીંગ રદ કરી દેવામાં આવી હતી. સભ્યોએ કરેલા આક્ષેપ મુજબ ધારાસભ્યએ વિકેન્દ્રિતના કામો અંગે જે યાદી બનાવી છે તેમાં સભ્યોને વિશ્વાસમાં લેવાયા ન હોવાનો આક્ષેપ કર્યો છે અને તે અંગે જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપીને ઘટતી કાર્યવાહી કરવાની માંગ કરી છે. જો ન્યાય નહી મળે તો સભ્યોએ ધરણા કરવાની ચિમકી પણ ઉચ્ચારી છે.

જુનાડીસાની આઉટ પોસ્ટ પોલીસે બાઈક ચોર પકડ્યો

ડીસા તાલુકાના જુનાડીસા ગામની આઉટ પોસ્ટ પોલીસે પેટ્રોલિંગ દરમ્યાન ધરપડા ગામના પાટીએથી બાઇક ચોર

ઝડપી પાડ્યો હતો. ઝડપાયેલા આરોપીએ બે બાઇકની ચોરીની કબૂલાત કરતા પૂછપરછ દરમ્યાન વધુ બાઇક ચોરીના ભેદ ઉકેલાવાની પોલીસે શકયતા વ્યક્ત કરી હતી.

જિલ્લા પોલીસ અધિક્ષક તરૂણ દુગ્ગલે મીલ્કત સંબધી ગુન્હાઓ અટકાવવા આપેલ સુચના અન્વયે એમ. જે. ચૌધરી, (પોલીસ ઇન્સ્પેકટર ડીસા રૂરલ)ના માર્ગદર્શન આધારે જુનાડીસા આઉટ પોસ્ટ ઇન્ચાર્જ અ.હેડ.કોન્સ. દિનેશકુમાર કીરીટભાઇ તથા પો.કો. અશોકભાઈ જગમાલભાઈ તથા પો.કો. ઈશ્વરભાઈ પુનમાજી તથા પો.કો. અશોકભાઈ હીરાભાઈ અ.હે.કો. બચુભાઈ બાબુભાઈ તથા અ.પો.કો. પ્રહલાદભાઈ છગનભાઈ વગેરે પોલીસ સ્ટાફ આઉટ પોસ્ટ વિસ્તારમા પેટ્રોલીગમાં હતા. દરમ્યાન બાતમી આધારે ડીસા પાટણ હાઈવે પર આવેલ ધરપડા ગામના પાટીયા પાસે બાઈક ચાલકને રોકાવી પુછપરછ કરતા તે વિજયકુમાર ઉર્ફે પિન્ટુ કેવળભાઈ જાતે પરમાર (ઉ.વ.૨૨ રહે. ખરડોસણ તા.ડીસા) હોવાનું અને તેની પાસેનું હીરો હોન્ડા પેશન પ્રો, લાલ કલરનુ જેના ચેચીસ નં. જોતા સ્મ્ન્ઝ્ઁછ૧૦ઈઈ૯૫ઋ૦૬૭૧૭ વાળુ બાઇક.ડીસા શાકમાર્કેટ પાસેથી ચોરી કરેલ હોવાનુ જણાતા તેની કડક પૂછપરછ કરી હતી જેથી તેણે આજથી આશરે છએક મહીના અગાઉ શાકમાર્કેટ પાસેથી બાઇક (નં. જીજે ૦૮ એ સી ૯૨૫૨)ની ચોરી કર્યાની કબુલાત કરી હતી. જેથી તેણે ચોરેલ બે બાઇક (કી.રૂ. ૪૦૦૦૦)ના મુદામાલ સાથે વિજયકુમાર ઉર્ફે પિન્ટુ કેવળભાઈ પરમારને સી.આર.પી.સી. કલમ ૧૦૨ , ૪૧(૧) ડી મુજબ કબજે કરી, ડીસા શહેર દક્ષીણ પોલીસ મથકે નોંધાયેલ બે ગુનાનો ભેદ ઉકેલવામાં આવેલ. પકડાયેલ આરોપી વિરૂધ્ધ ડીસા રૂરલ પો.સ્ટે. કાયદેસરની કાર્યવાહી હાથ ધરી પોલીસે પૂછપરછ દરમ્યાન બાઇક ચોરીના વધુ ગુનાના ભેદ ઉકેલાવાની સંભાવના વ્યક્ત કરી હતી.

કડા ખાતે શ્રી શિવશક્તિ સેવા મંડળ ટ્રસ્ટ મુંબઈ દ્વારા આયોજિત સમુહ લગ્નોત્સવ યોજાયો

વિજાપુર તાલુકાના માણેકપુરા પાટીયાં ખાતે આવેલ શ્રી શિવશક્તિ સેવા મંડળ ટ્રસ્ટ મુંબઈ દ્વારા આયોજિત શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજનો ૨૯મો સમુહ લગ્નોત્સવ અને સમુહ ઉપનયન સંસ્કાર યોજાયો હતો. જેમાં ૧૫ બટુકોએ જનોઈ ધારણ કરી હતી અને સમુહ લગ્નોત્સવમાં ૭ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડ્યા હતા.

કડા પાસે આવેલ શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજ કમુબા સંકુલ ખાતે તા.૯-૨-૨૦૨૦ને રવિવારના રોજ શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજનો શિવશક્તિ સેવા મંડળ ટ્રસ્ટ, મુંબઈ દ્વારા આયોજિત

જ્ઞાતિ વિવાહ ૨૯મો સમુહ લગ્નોત્સવ યોજાયો હતો.લગ્નોત્સવમાં ૭ નવદંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડવા સાથે દીકરીનો ગર્ભપાત નહી કરાવવાનાં શપથ લીધાં હતા. સમુહ યજ્ઞોપવિત ઉપનયન સંસ્કારનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ૧૫ બટુકોએ જનોઈ ધારણ કરી હતી. લગ્નોત્સવ અને યજ્ઞોપવિત સંસ્કારના ભોજનના દાંતા શાહપુર નિવાસી ભુપેનભાઈ ડાહ્યાલાલ રાવલ, અરવિંદભાઈ ડાહ્યાલાલ રાવલ, હસમુખભાઈ ઈન્દ્રવદનભાઈ રાવલ પરિવાર, મંડપના દાંતા બચુભાઈ શંકરલાલ રાવલ તથા પત્રિકાના દાતા વિનોદભાઈ ચંદુભાઈ રાવલ પરિવાર દ્વારા યોજાયો હતો. શિવશક્તિ સેવા મંડળ મુંબઈના ચેરમેન સુરેશભાઈ લક્ષ્મણદાસ રાવલ, વાઈસ ચેરમેન ગુણવંતભાઈ નટવરભાઈ રાવલ, શિવશક્તિ મંડળના ટ્રસ્ટીઓ કો. ટ્રસ્ટીઓ તથા શ્રી બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજના પ્રમુખ રતિશભાઈ છગનલાલ, મંત્રી શૈલેષભાઈ લક્ષ્મણદાસ રાવલ તથા બાવીસ ગામ તપોધન બ્રાહ્મણ સમાજના પદાધિકારીઓ અને કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. વિસનગરના ધારાસભ્ય ઋષિકેસભાઈ પટેલ ઉપસ્થિત રહી નવદંપતિઓને નવા જીવનની શુભેચ્છાઓ પાઠવી હતી.

આંતરરાજ્ય ચેકપોસ્ટ બંધ કર્યા પછી

અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાના સિલ્ક રૂટ પરથી દારૂનું વહન બંધ...?

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી વર્ષે દહાડે કરોડો રૂપિયાનો વિવિધ વાહનો મારફતે વિદેશી દારૂ-બિયર ગુજરાતમાં ઠાલવામાં આવી રહ્યો છે. રાજ્ય પોલીસવડા શિવાનંદ ઝાએ રાજ્યની તમામ આંતરરાજ્ય અને આંતરિક ચેકપોસ્ટ બંધ કરવાના નિર્ણય પછી બંને જિલ્લામાં આશ્ચર્ય જનક સ્થિતિનું નિર્માણ થયું હોય તેમ બંને જીલ્લાની આંતરરાજ્ય સરહદો પરથી જાણે બુટલેગરોએ વિદેશી દારૂ ઘુસાડવાનું બંધ કરી દીધું હોય તેમ છેલ્લા મહિના દરમિયાન વિદેશી દારૂનો જથ્થો ઝડપવાની ઘટનાઓ નહિવત બનતા પોલીસતંત્રની કામગીરી સામે અનેક સવાલો પેદા થયા છે.

શામળાજી નજીક રતનપુર ચેકપોસ્ટ, ઉંડવા, ભિલોડા, રેલ્લાવાડા, ખેડબ્રહ્મા, વિજયનગર રાણી ચેકપોસ્ટ અને ખેરોજ રોડ પરથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂ વિવિધ વાહનોમાંથી ઝડપી પાડતું પોલીસતંત્ર આંખ આડા કાન કરતુ હોય તેવું લોક મુખે ચર્ચાઈ રહ્યું છે. અમદાવાદ, ગાંધીનગર અને સૌરાષ્ટ્રમાં પોલીસ મોટા પ્રમાણમાં ટ્રક-કન્ટેનર અને અન્ય વાહનોમાંથી વિદેશી દારૂ ઝડપી રહી છે. જેમાં મોટા ભાગના વાહનો રાજસ્થાન,

હરિયાણા અને પંજાબ રાજ્યના રજીસ્ટ્રેશન પાસિંગના હોવાની અને આ વાહનો અરવલ્લી-સાબરકાંઠાના મુખ્ય અને અંતરિયાળ માર્ગો પરથી પસાર થયા હોવાની માહિતી પ્રાપ્ત થઈ હતી.

ગુજરાતના બોર્ડરથી રાજસ્થાન સહીત અન્ય પરપરપ્રાંતીય રાજ્યમાંથી અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના માર્ગો પરથી મોટા પ્રમાણમાં વિદેશી દારૂનો જથ્થો નાના મોટા વાહનો ધ્વારા ગુજરાતના અમદાવાદ, નડીયાદ, આણંદ, કપડવંજ બાલાસીનોર અને નરોડા અને સૌરાષ્ટ્ર જેવા વિસ્તારોમાં ગેરકાયદેસર રીતે ગાંધીનગર સ્થિત કેટલાક અધિકારીઓ અને પદાધિકારીઓની મીલીભગતથી મોટા પ્રમાણમાં પરપ્રાંતીય અને સ્થાનિક બુટલેગરો લાઈનો મારફતે વિદેશી દારૂ ઠાલવી યુવાધનને બરબાદીની ગર્તામાં ધકેલી રહ્યા છે. બંને જીલ્લાની પોલીસ હાલ મૂક પ્રેક્ષક બની તમાશો જોઈ રહી હોવાની ચર્ચા પોલીસબેડામાં ચર્ચાઈ રહી છે. સ્થાનિક બુટલેગરો ખુલ્લેઆમ દેશી-વિદેશી દારૂનો વેપલો બિન્દાસ્ત કરી રહ્યા હોવાની બૂમો ઉઠી છે.

હોબાળો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સિંહે કહ્યું કે, સુપ્રીમ કોર્ટેનો તાજેતરનો નિર્ણય સંવેદનશીલ છે ત્યારે કોંગ્રેસે આ મુદ્દે રાજકારણ ન કરવું જોઈએ. લોકસભામાં શૂન્યકાળ દરમિયાન કોંગ્રેસ અને દ્રમુકના સભ્યોએ સરકાર પર નિશાન સાધતાં તેમને દલિત વિરોધી ગણાવી અને ઉત્તરાખંડ સરકારે સુપ્રીમ કોર્ટમાં પોતાનો પક્ષ રાખ્યો તે બાદ કોર્ટનો આવો આદેશ આવ્યો તેમ જણાવ્યું.

સાથે જ વિપક્ષે સરકારને સુપ્રીમ કોર્ટમાં સમીક્ષા અરજી દાખલ કરવાની સલાહ પણ આપી. આ મુદ્દે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે ૨૦૧૨માં ઉત્તરાખંડમાં કોંગ્રેસની સરકાર હતી અને આ મુદ્દે ચર્ચા માટે સરકાર તૈયાર હોવાનું જણાવ્યું. ગૃહમાં લોક જનશક્તિ પાર્ટી, જનતાદળ યુનાઈટેડ અને અપના દળ જેવા એનડીએના સાથી પક્ષોએ વિપક્ષના આરોપોને ફગાવ્યા. સાથે જ સુપ્રીમ કોર્ટના નિર્ણય અંગે અસહમતિ વ્યક્ત કરતાં સરકાર અનામતના વિષયને બંધારણની ૯મી અનુસૂચિમાં નાખવાની માગ કરી. લોકજનશક્તિ પાર્ટીના પ્રમુખ ચિરાગ પાસવાને આ મુદ્દે કહ્યું કે તેમની પાર્ટી સુપ્રીમ કોર્ટના હાલના નિર્ણયથી ખુશ નથી ત્યારે આ મામલે કેન્દ્ર સરકારે હસ્તક્ષેપ કરવો જોઈએ. સરકાર તત્કાળ સુપ્રિમ કોર્ટના આદેશને બદલે. અનામત ભેટ નથી, આ બંધારણીય અધિકાર છે.

તો સંસદીય કાર્ય મંત્રી પ્રહલાદ જોશીએ કહ્યું કે આ સુપ્રીમ કોર્ટનો નિર્ણય છે, ભારત સરકારને આ વાતથી કોઈ લેવા દેવા નથી. જ્યારે લોકસભામાં અપના દળની પ્રમુખ અનુપ્રિયા પટેલે કહ્યું કે તેમનો પક્ષ પણ સુપ્રીમ કોર્ટના નિર્ણયથી સહમત નથી. પ્રમોશનમાં અનામતને લઈને લોકસભામાં ભારે હોબાળો થયો હતો જેને પગલે ગૃહની કાર્યવાહી સ્થગિત કરવાની ફરજ પડી હતી. ઉલ્લેખનીય છે કે, સુપ્રીમ કોર્ટે નિર્ણય કરતા કહ્યું હતું કે, સરકારી નોકરીઓમાં અનામત આપવા સરકાર બંધાયેલી નથી. કોર્ટે વધુમાં એ પણ કહ્યું કે, પ્રમોશનમાં આરક્ષણ કોઈનો મૂળ અધિકાર ન હોઈ શકે.

વિરોધ માટે... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કિશન કૌલ, જસ્ટિસ કે એમ જોસેફની બેન્ચે કહ્યું કે, આ મામલે પોલીસ અને સરકારને પક્ષકાર બનાવવામાં આવ્યા છે, એટલે તેમની વાત સાંભળવી જરૂરી છે. ઉલ્લેખનીય છે કે શુક્રવારે આ મામલે સુનાવણી થવાની હતી, શુક્રવારે આ અરજીઓ સુનાવણી માટે આવી હતી, પણ કોર્ટે એ કહીને ટાળી દીધી હતી કે ચૂંટણી બાદ આ મામલે સુનાવણી ઉચિત રહેશે. વકીલ અમિત સાહની અને બીજેપી નેતા નંદકિશોર ગર્ગે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી છે. સુપ્રીમ કોર્ટમાં દાખલ અરજીઓમાં એ માંગ કરવામાં આવી છે કે, કોર્ટ દિલ્હી પોલીસને શાહીન બાગમાં રસ્તાં પરથી લોકોને હટાવવાનો આદેશ આપે. આ અરજીઓમાં દિલ્હીને નોઈડા સાથે જોડનારો મુખ્ય માર્ગ બંધ હોવાથી લાખો લોકોને અવરજવરમાં તકલીફો પડી રહી હોવાનો સવાલો ઉઠાવાયા છે. શાહીન બાગમાં લગભગ ૫૫ દિવસથી ધરણા પ્રદર્શન ચાલુ છે.

હરકતમાં આવશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સાયકલ સ્ટેન્ડ સહીત ધમધમતા આઈસ્ક્રીમ પાર્લરોને પણ દુર કરવા માટે મૌખિક સુચના આપી હતી. શહેરના વન આરક્ષિત વિસ્તારમાં દબાણોની ભરમાર જોવા મળે છે. વન આરક્ષિત વિસ્તારમાં ઝુંપડા તેમજ લારી ગલ્લાના દબાણો વધતા જાય છે. જેને અનુલક્ષીને વનતંત્ર દ્વારા દબાણ હટાવ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવી છે. વન આરક્ષિત વિસ્તારમાં વધતા દબાણોના લીધે હરિયાળી સામે પણ ખતરો મંડરાયો છે.જયારે રહેણાંક વિસ્તારને અડીને જ દબાણો ઉભા થતા ગંદકી સહીતની અનેક સમસ્યાઓથી સ્થાનિક રહીશો પ્રભાવિત છે. વનતંત્ર દ્વારા એકબાજુ હરિયાળી વનરાજીને વધારવા માટે પ્રતિવર્ષ વરસાદી દિવસો દરમિયાન નવા રોપાઓની વાવણી પણ કરવામાં આવી રહી છે. જયારે આ હરિયાળીની જાળવણી માટે વિવિધ ઠેકાણે લોખંડના તારવાળી ફેન્સીંગ પણ કરી દેવામાં આવી છે. પરંતુ વન આરક્ષિત વિસ્તારમાં માત્ર લારી ગલ્લા અને ઝુંપડાના દબાણો જ નથી પરંતુ સરકારી તંત્રએ પણ આ ઠેકાણે દબાણો કર્યા છે. અલબત્ત વન વિભાગ હસ્તકની જગ્યામાં ગુડાના સાયકલ સ્ટેન્ડ તેમજ મધુર ડેરી સહીતના પાર્લરો પણ ધમધમે છે. જયારે આ સરકારી દબાણો દુર કરવા માટે પણ વનતંત્રએ આજે સર્વે હાથ ધર્યો હતો. જયારે શહેરમાં કુલ ૭ જેટલા દબાણકર્તાઓને મૌખિક સુચના આપી હતી જેમાં વન આરક્ષિત વિસ્તારમાં સ્થિત ગુડાના સાયકલ સ્ટેન્ડ તેમજ ઘ-૫ અને પથિકાશ્રમ પાસે સ્થિત આઈસ્ક્રીમ પાર્લરો પણ વનતંત્રની નજરે ચઢયા છે. વનતંત્રના અધિકારીઓએ આજે આ દબાણકર્તાઓને આ સરકારી દબાણો દુર કરવા માટે સચુના આપી છે. જયારે મૌખિક સુચનાના અંતે પણ દબાણો દુર નહીં થાય તો આ પાકા દબાણો દુર કરવા માટે પણ વનતંત્ર હરકતમાં આવશે તેમ પણ મનાઇ રહ્યુ છે.

આવી શકે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમુદ્રી કાચબો (બે પ્રજાતિઓ)ની ઓળખ કરાઇ છે. કેન્દ્રીય પર્યાવરણમંત્રીએ જણાવ્યું હતું કે "સીએમએસ સીઓપી-૧